નવી સેવા વર્ષ ૨૦૧૯-૨૦

પોષણ અભિયાન અંતર્ગત રાજ્યમાં ૭ કોર્પોરેશન તથા ૯૦ (નવા) ઘટક કક્ષાએ ૧૯૪ જગ્યાઓ આઉટસોર્સીંગથી ભરવા માટે વહીવટી મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ આઇસીડી/૧૧૨૦૧૯/૧૯૮/બ

સચિવાલય, ગાંધીનગર

તા.૦૯-૦૮-૨૦૧૯

ઠરાવઃ-

આઈસીડીએસ યોજના અંતર્ગત ૦-૬ વર્ષના બાળકો સગર્ભા તેમજ ધાત્રી માતાઓ અને કિશોરીઓને આંગણવાડી કેન્દ્રો પર પુરક પોષણ તેમજ જરૂરી સેવાઓ અને લાભો આપવામાં આવે છે. જેના સુદ્દઢ અમલીકરણ તથા હેતુઓ સિધ્ધ કરવા માટે નવા મંજૂર થયેલ ૯૦ ઘટકોમાં પોષણ અભિયાન અંતર્ગત નવી જગ્યાઓ ભરવી ઘણી આવશ્યક છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તક ૩૩ જિલ્લા કચેરી, ૭ કોર્પોરેશન ખાતેની આઈસીડીએસ કચેરી તેમજ ૪૨૯ ઘટક કચેરી મંજુર થયેલ છે જેમાં અગાઉના ઘટકોમાં ૯૦ ઘટક કચેરી અને ૭ કોર્પોરેશનની આઈસીડીએસ કચેરીમાં વધારો થયેલ છે. જે અન્વયે કોર્પોરેશન-૦૭ (કો-ઓર્ડીનેટર-૭, પ્રોજેક્ટ આસીસ્ટન્ટ-૭) તથા ઘટક કક્ષા-૯૦ (બ્લોક કો-ઓર્ડીનેટર-૯૦, બ્લોક પ્રોજેક્ટ આસીસ્ટન્ટ-૯૦) એમ કુલ ૧૯૪ જગ્યાઓ આઉટસોર્સિંગથી ભરવા માટેની નવી બાબતનો સમાવેશ વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે.

આથી પોષણ અભિયાન અંતર્ગત રાજ્યમાં નવા કોર્પોરેશન-૦૭ (કો-ઓર્ડીનેટર-૭, પ્રોજેક્ટ આસીસ્ટન્ટ-૭) તથા ઘટક કક્ષા-૯૦ (બ્લોક કો-ઓર્ડીનેટર-૯૦, બ્લોક પ્રોજેક્ટ આસીસ્ટન્ટ-૯૦) એમ કુલ ૧૯૪ જગ્યાઓ ૧૦૦% સ્ટેટ બર્ડન હેઠળ આઉટસોર્સિંગથી માન્ય એજન્સી મારફતે ૧૧-માસ માટે ભરવા રૂ.૨,૭૮,૮૮,૦૦૦/- (રૂ. બે કરોડ અઠ્યોતેર લાખ અઠ્યાશી હજાર પુરા) ની બજેટ જોગવાઈમાંથી નીચેની વિગતે અને શરતોએ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ (રૂ.) | એક માસનો અંદાજીત પગાર (રૂ.) | આઠ માસનો અંદાજીત પગાર (વાર્ષિક ખર્ચ) (રૂ.) |
|---|---|---|---|---|---|
| ૧ | બ્લોક કો-ઓર્ડિનેટર | ૯૦ | ૨૦૦૦૦/- | ૧૮૦૦૦૦૦/- | ૧૪૪૦૦૦૦૦/- |
| ૨ | બ્લોક પ્રોજેક્ટ આસીસ્ટન્ટ | ૯૦ | ૧૫૦૦૦/- | ૧૩૫૦૦૦૦/- | ૧૦૮૦૦૦૦૦/- |
| ૩ | કો-ઓર્ડિનેટર | ૭ | ૩૦૦૦૦/- | ૨૧૦૦૦૦/- | ૧૬૮૦૦૦૦/- |
| ૪ | પ્રોજેક્ટ આસ્ટન્ટ | ૭ | ૧૮૦૦૦/- | ૧૨૬૦૦૦/- | ૧૦૦૮૦૦૦/- |
| | કુલ | ૧૯૪ | | | ૨,૭૮,૮૮,૦૦૦/- |

**શરતો:**

1. આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
2. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
4. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
6. આઈ.ટી સંબધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
7. વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.
8. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬-૦૨-૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪-૬-૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
9. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની રહેશે.

10. સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮-૩-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક-નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૧-૪-૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.
11. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
12. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
13. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
14. રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
15. આ નવી મંજૂર જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
16. નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઈપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહી.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નં. :- ૧૦૬

મુખ્ય સદર :- ૨૨૩૬-પોષણ

પેટા મુખ્ય સદર :- ૦૨ પોષણ, ખાદ્ય અને પીણાની વહેંચણી

ગૌણ સદર :- ૮૦૦ અન્ય ખર્ચ.

પેટા સદર:- ૦૧-એન.ટી.આર.૧૦ આંગણવાડી વર્કર તથા આંગણવાડી હેલ્પરને વધારાની સવલતો

સહી/-

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૬/૦૮/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ

1. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
3. માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
4. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. સચિવશ્રી "આયોજન" ના અંગત મદદનીશશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.
10. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ.
11. સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ
12. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) જિલ્લા પંચાયત કચેરી, જિ.
13. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈસીડીએસ) મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ.
14. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
15. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.
16. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
17. મહિલા અને બાળ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ
18. સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર – વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
19. શાખા સિલેક્ટ ફાઇલ.